Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-11, Issue-2(September, 2017)
IMPACT FACTOR:3.021
PP:153to159

# વ્યવસાય કરતી સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓનો સમાજશાસ્ત્રીય અભ્યાસ

## (અમદાવાદ જિલ્લાના ચાંદખેડા વિસ્તારને કેન્દ્રમાં રાખીને)

**બલાત અંકુર લલીતચંદ્ર**
પીએચ.ડી. વિદ્યાર્થીની
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**પ્રસ્તાવના**

સંશોધનએ કોઈ સમસ્યાના સંદર્ભમાં હકિકતો તથા તેના અર્થોનો પ્રમાણિકપણે અને બૌદ્ધિક રીતે તપાસવાની પ્રક્રિયા ગણી શકાય. સંશોધનએ વૈજ્ઞાનિક પદ્ધતિ નિયમ બદ્ધ રીતે કોઈપણ સમસ્યાના ઉકેલ માટે થતી પ્રક્રિયા ગણી શકાય. સંશોધન કાર્યકારણ સંબંધને સમજવાના પ્રયત્નરૂપે કરવામાં આવે છે. સંશોધન બે પ્રકારના હોય છે (1) શુદ્ધ સંશોધન (2) વ્યવહારુ સંશોધન. શુદ્ધ સંશોધનનો હેતુ સિદ્ધાંત રચનાનો હોય છે. વ્યવહારુ સંશોધન વ્યવહારું સમાજમાં જોવા મળતી વર્તમાન સમસ્યાઓના સંદર્ભમાં હોય છે. વર્તમાન સમયમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણમાં વધારો થયેલો જોવા મળે છે. સ્ત્રી શિક્ષણનાં પ્રમાણમાં વધારો થયેલો જોવા મળે છે. સ્ત્રીઓનું વ્યવસાયિક ક્ષેત્રોમાં પણ પ્રમાણ વધ્યું છે. તેથી આર્થિક ક્ષેત્રમાં સ્ત્રી સશક્તિકરણનું પ્રમાણ નોંધપાત્ર વધારો થયેલો જોવા મળે છે. સ્ત્રીઓના આર્થિક ક્ષેત્રો ખોલી આપ્યા છે. પરંતુ સાથે સાથે કેટલીક સમસ્યાઓનો સામનો પણ કરવો પડે છે. પ્રસ્તુત અભ્યાસમાં નોકરી કરતી સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓને તપાસવાનો પ્રયાસ કર્યો છે.

**1. સંશોધન પ્રશ્નની પસંદગી અને કારણો**

પ્રસ્તુત સંશોધન નોકરી કરતી સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓનો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (અમદાવાદ જિલ્લાના ચાંદખેડા વિસ્તારને કેન્દ્રમાં રાખીને) પ્રસ્તુત સંશોધન પ્રશ્ન પસંદ કરવા પાછળ સૌથી પહેલી એ બાબત ધ્યાનમાં રાખી છે કે સમાજમાં વર્તમાન સમયે નોકરી કરતી સ્ત્રીઓને કેવા પ્રકારની સામાજિક સમસ્યાઓ છે. તે જાણવાની ઈચ્છાથી પસંદ કરેલ છે. વર્તમાન સમયે મોંઘવારી અને ઘર ચલાવવું તેમજ સ્ત્રીઓ આર્થિક રીતે સ્વનિર્ભર બને તે માટે તેમજ સ્ત્રીઓના વિકાસમાં સ્ત્રીઓ આર્થિક રીતે સશક્ત થઈ કુટુંબ અને સમાજના વિકાસમાં સ્ત્રીઓ આર્થિક રીતે સશક્ત થઈ કુટુંબ અને સમાજના વિકાસમાં પોતાનું યોગદાન આપે અને નોકરી દરમ્યાન ઘર તેમજ નોકરીના સ્થરે જે સમસ્યાઓ કે પ્રશ્નો નડે છે. તેને દૂર કરી શકે તે તપાસવાનો પ્રયત્ન કરેલ છે.

**2. સંશોધનનો હેતુ**

પ્રસ્તુત સંશોધનનો હેતુ નોકરી કરતી બહેનોની સામાજિક આર્થિક અને કૌટુંબિક સ્થિતિ તપાસવાનો છે.

**3. અભ્યાસ પદ્ધતિ અને નિદર્શન**

પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં અમદાવાદ જિલ્લાના ચાંદખેડા વિસ્તારમાં રહેલી અને નોકરી કરતી સ્ત્રીઓની સમસ્યાઓની સમાજશાસ્ત્રીય અભ્યાસ દ્વારા તપાસ કરવામાં આવી છે. કોઈપણ સંશોધનમાં યોગ્ય તારણો માટે યોગ્ય નિદર્શ પસંદ કરવું જરૂરી છે. તેને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત અભ્યાસમાં બિન સંભાવનાત્મક નિદર્શનમાં હેતુપૂર્વક અને ઉપલબ્ધ નિદર્શન પ્રયુક્તિનો ઉપયોગ કરીને ચાંદખેડા વિસ્તારમાંથી 50 નોકરી કરતી સ્ત્રીઓને પસંદ કરવામાં આવેલ છે. અને તેના દ્વારા મેળવેલ પ્રાથમિક અને ગૌણ માહિતીનો સંશોધનના હેતુ અનુસાર ઉપયોગ કરી પ્રસ્તુત સંશોધન કાર્ય કરવામાં આવ્યું છે.

**4. અભ્યાસનું મહત્વ**

પ્રસ્તુત સંશોધન નોકરી કરતી સ્ત્રીઓની સમસ્યાઓ જાણવામાં મહત્વનું છે. જેમાં નોકરી કરતી સ્ત્રીઓને કુટુંબ અને નોકરીના સ્થળે કેવા પ્રકારની મુશ્કેલીઓ પડે છે. તે જાણવામાં મદદરૂપ થાય છે. સાથે સાથે સ્ત્રીઓની બેવડી ભૂમિકા ભજવે છે તે સમજવામાં પણ ઉપયોગી બને છે.

**5. અભ્યાસની મર્યાદાઓ**

પ્રસ્તુત સંશોધનમાં સમય અને નાણાની મર્યાદા જોવા મળે છે. પ્રસ્તુત સંશોધનની એ પણ એક મર્યાદા છે કે આ અભ્યાસ અમદાવાદ જિલ્લાના ચાંદખેડા વિસ્તાર પૂરતો જ મર્યાદિત છે. સાથે સાથે પ્રસ્તુત અભ્યાસમાં ગ્રામીણ મહિલાઓનો પણ સમાવેશ કરેલ નથી માત્ર શહેરી સમાજમાં રહેતી અને નોકરી કરતી મહિલાઓનો જ પ્રસ્તુત અભ્યાસમાં સમાવેશ કરેલો છે તે પણ એક મર્યાદા જોવા મળે છે.

**6. અભ્યાસના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં સરકારી, અર્ધસરકારી, ખાનગી અને અન્ય સંસ્થાઓમાં નોકરી કરતી કુલ 50 સ્ત્રી ઉત્તરદાતાઓની પસંદગી કરવામાં આવી છે. ઉત્તરદાતાઓ પાસેથી મળતી માહિતીના આધારે નીચે મુજબના તારણો જોવા મળે છે.

- પ્રસ્તુત અભ્યાસમાં 80 ટકા ઉત્તરદાતાઓની 20 થી 30 વર્ષની વય જૂથના છે. 10 ટકા ઉત્તરદાતાઓ 31 થી 40 વર્ષની વયજૂથના છે. 6 ટકા ઉત્તરદાતાઓ 41 થી 50 વર્ષની વયજૂથના છે. 4% ઉત્તરદાતાઓ 51 થી વધુ વર્ષની વયજૂથના છે.
- પ્રસ્તુત અભ્યાસમાં 92% ઉત્તરદાતાઓ હિન્દુ ધર્મના છે. જ્યારે 8 ઉત્તરદાતાઓ ખ્રિસ્તીધર્મના જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં 36 ટકા ઉત્તરદાતાઓ ઓપન કેટેગરીના છે. 20 ટકા ઉત્તરદાતાઓ ઓ.બી.સી. કેટેગરીના છે. 28 ટકા ઉત્તરદાતાઓ અનુસૂચિત જાતિના છે. 16 ટકા ઉત્તરદાતાઓ અનુસૂચિત જનજાતિના છે.

- પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણનું પ્રમાણ તપાસતા જાણવા મળે છે કે સૌથી વધુ 40 ટકા ઉત્તરદાતાઓ સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ છે. ત્યારબાદ 22 ટકા ઉત્તરદાતાઓએ અનુસ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ છે. 16 ટકા ઉત્તરદાતાઓ ઉચ્ચતર માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ છે. 6 ટકા ઉત્તરદાતાઓએ માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ છે. તેમજ સૌથી ઓછું 4 ટકા ઉત્તરદાતાઓએ પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ છે. 12 ટકા ઉત્તરદાતાઓએ અન્ય શૈક્ષણિક લાયકાતો ધરાવતા જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓનો વૈવાહિક દરજ્જો તપાસતા 82 ટકા ઉત્તરદાતાઓ પરણિત છે. 18 ટકા ઉત્તરદાતાઓ અપરણિત જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓના કુટુંબનું સ્વરૂપ તપાસતા 62 ટકા ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબમાં રહે છે. જ્યારે 38 ટકા ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબમાં રહે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓની નોકરીનો પ્રકાર તપાસતા 44 ટકા ઉત્તરદાતાઓ સરકારી નોકરી કરે છે. 36 ટકા ઉત્તરદાતાઓ ખાનગી કંપનીઓમાં નોકરી કરતા જોવા મળે છે. 16 ટકા ઉત્તરદાતાઓ અર્ધસરકારી નોકરીમાં જોડાયેલા જોવા મળે છે. જ્યારે 4 ટકા ઉત્તરદાતાઓ અન્ય નોકરીઓ કરતા જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓને શા માટે નોકરી કરે તેની વિગતો તપાસતા 82 ટકા ઉત્તરદાતાઓ પરિવારને મદદરૂપ થવા માટે નોકરી કરે છે. 44 ટકા ઉત્તરદાતાઓ પોતાની વ્યક્તિગત જરૂરિયાતોને સંતોષવા માટે નોકરી કરે છે. 28 ટકા ઉત્તરદાતાઓ ફુરસદના સમયનો ઉપયોગ કરવા માટે નોકરી કરે છે. (નોંધ એક કરતાં વધુ જવાબ મળેલ છે.)
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ અભ્યાસને મહત્વ આપે છે કે નોકરીને તેની વિગતો તપાસતા 30 ટકા ઉત્તરદાતાઓ અભ્યાસને મહત્વ આપે છે. જ્યારે 70 ટકા ઉત્તરદાતાઓ નોકરીને મહત્વ આપે છે જ્યારે 56 ટકા ઉત્તરદાતાઓ અભ્યાસ અને નોકરી બન્નેને મહત્વ આપતા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. (નોંધઃ એક કરતા વધુ જવાબો મળેલ છે.)

- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ પોતાના કુટુંબને પૂરતો સમય આપી શકે છે તેની વિગતો તપાસતા 64 ટકા ઉત્તરદાતાઓ પોતાના કુટુંબને પૂરતો સમય આપી શકતા નથી જ્યારે 36 ટકા ઉત્તરદાતાઓ પોતાના કુટુંબને પૂરતો સમય આપી શકે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ ઘરના તમામ કામો કરીને નોકરી પર જાય છે તેની વિગતો તપાસતા 56 ટકા ઉત્તરદાતાઓ ઘરના તમામ કામો કરીને નોકરી પર જાય છે. જ્યારે 44 ટકા ઉત્તરદાતાઓ ઘરના અડધા જ કામો કરી શકે છે તેવું જણાવે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ નોકરીથી પરત આવ્યા પછી ઘરના સભ્યોને ઘરકામમાં મદદરૂપ થાય છે તેની વિગતો તપાસતા 58 ટકા ઉત્તરદાતાઓ નોકરીથી પરત આવ્યા પછી ઘરના સભ્યોને ઘરકામમાં મદદરૂપ થાય છે જ્યારે 42 ઉત્તરદાતાઓ નોકરીથી પરત આવ્યા પછી ઘરના સભ્યોને ઘરકામમાં મદદરૂપ થતા નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ સમયસર પગાર મળે છે તેની વિગતો તપાસતા 88 ટકા ઉત્તરદાતાઓને સમયસર પગાર મળે છે એવું જાણવા મળ્યું. 12 ટકા ઉત્તરદાતાઓને સમયસર પગાર મળતો નથી એવું જાણવા મળ્યું છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ નોકરી જવા માટે શેમા મુસાફરી કરે છે ? તેની વિગતો પાસતા 44 ટકા ઉત્તરદાતાઓ બસનો ઉપયોગ કરે છે. 36 ટકા ઉત્તરદાતાઓ પોતાના સાધનનો ઉપયોગ કરે છે. 16 ટકા ઉત્તરદાતાઓ રીક્ષાનો ઉપયોગ કરે છે. 4 ટકા ઉત્તરદાતાઓ નોકરીના સ્થળે ચાલતા જાય છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓને નોકરીના સ્થળે શારીરિક, માનસિક કે જાતિય શોષણનો ભોગ થવાનો ડર રહે છે. તેની વિગતો તપાસતા 84 ટકા ઉત્તરદાતાઓ એવો કોઈ ડર રહેતો નથી. જ્યારે 16 ટકા ઉત્તરદાતાઓના મતે ઘણીવાર આવો ડર રહે છે. એવી વિગતો જાણવા મળી છે.

- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓને નોકરીના સ્થળે અથવા અવરજવર દરમિયાન છેડતી કે દૂરવ્યવહારનો ભોગ બનવું પડ્યું છે. તેની વિગતો તપાસતા 70 ટકા ઉત્તરદાતાઓને ઘણીવાર છેડતી અને દૂર વ્યવહારનો ભોગ બનવું પડ્યું છે તેવી માહિતી મળે છે. 30 ટકા ઉત્તરદાતાઓ આવા કોઈપણ પ્રકારનો દૂરવ્યવહાર કે છેડતીનો ભોગ નથી બની એવી માહિતી આપે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં 60 ટકા ઉત્તરદાતાઓના મતે સ્ત્રી અને પુરૂષને સમાજમાં સમાન દરજ્જો મળ્યો હોય તેમ લાગે છે જ્યારે 40 ટકા ઉત્તરદાતાઓના મતે સમાજમાં સ્ત્રીઓનો ગૌણ દરજ્જો છે તેવું જાણવા મળ્યું છે.
- પ્રસ્તુત અભ્યાસમાં 96 ટકા ઉત્તરદાતાઓ મહિલાઓને આપવામાં આવેલા હકોથી પરિચિત છે તેવું જણાવે છે. જ્યારે 4 ટકા ઉત્તરદાતાઓને મહિલાઓને મળેલ હકો વિશે હજી અજ્ઞાનતા ધરાવતી હોવાની માહિતી મળેલ ચે.
- પ્રસ્તુત અભ્યાસમાં 92 ટકા ઉત્તરદાતાઓના મતે નોકરીના લીધે સમાજના લોકોનો દ્રષ્ટિકોણ તેમના પ્રત્યે હકારાત્મક જોવા મળે છે. જ્યારે 8 ટકા ઉત્તરદાતાઓના મતે નોકરીના લીધે લોકોનો દ્રષ્ટિકોણ તેમના પ્રત્યે નકારાત્મક જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં 76 ટકા ઉત્તરદાતાઓ પોતાની આવકનો ઉપયોગ પોતાની ઈચ્છા મુજબ કરી શકે છે. જ્યારે 24 ટકા ઉત્તરદાતાઓ તેમની આવકનો ઉપયોગ પોતાની ઈચ્છા મુજબ કરી શકતા નથી તેવી માહિતી પ્રાપ્ત થયેલ છે.
- પ્રસ્તુત અભ્યાસમાં 92 ટકા ઉત્તરદાતાઓના મતે બેવડી ભૂમિકાના લીધે ભૂમિકા સંઘર્ષનો સામનો કરવો પડે છે. તેવી માહિતી આપે છે. જ્યારે 8 ટકા ઉત્તરદાતાઓના મતે બેવડી ભૂમિકાના લીધે ભૂમિકા સંઘર્ષ કરતો પડતો નથી.

## સંદર્ભસૂચિ


(1) ચંદ્રિકા રાવલ (2010) જેન્ડર અને સમાજ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

(2) ચંદ્રિકા રાવલ, શૈલજા ધ્રુવ (2012) ગુજરાતમાં સ્ત્રીઓનો સામાજિક દરજ્જો, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

(3) ચંદ્રિકા રાવલ, શૈલજા ધ્રુવ (2013) સ્ત્રીઓ અને સમાજ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

(4) કલ્પના શાહ (1989) સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

(5) હસમુખ પટેલ (1973) સામજિક સમસ્યાઓ, રચના પ્રકાશન, અમદાવાદ.

(6) નિરા દેસાઈ (1963) ભારતમાં સ્ત્રીઓનો પલટાતો દરજ્જો, આર.આર. શેઠ કંપની, મુંબઈ.

(7) વિમલ શાહ (1988) સંશોધન અહેવાલ લેખન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

(8) વિમલ શાહ (1990) સંશોધન ડિઝાઈન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.